ગાંધીનગર સમાચાર
તા. ૨૪-૭-૨૦૧૪, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

પાકિસ્તાન અંગે ભાજપમાં ભારે મતભેદ અને ગૂંચવાડાભરી સ્થિતિ

રાવી પર સાબરમતી જેવો રિવરફ્રન્ટ બનાવવાની મહત્ત્વકાંક્ષી યોજના અન્વયે પાક વડાપ્રધાન નવાઝ શરીફ પ્રેરિત પ્રતિનિધિમંડળ અમદાવાદના ભાજપ અગ્રણીઓ માટે શિરદર્દ સમું બની રહ્યું છે. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યાં સુધી છાસવારે પાકિસ્તાન વિરોધી ઉચ્ચારણો કરતા રહેતા એ સર્વવિદિત છે. ચૂંટણી જીતવા માટે પાકિસ્તાન એ મોદી માટે હુકમનો એક્કો સાબિત થયું છે. મુસ્લિમો અને પાકિસ્તાનને એકબીજાના પર્યાય માની બેઠેલી હિન્દુસ્તાની ભોળી હિંદુ પ્રજાએ ભાજપને પાકિસ્તાનની સામે સતત ઝેર ઓકતા રહેવા બદલ ભારે સરપાવ ધરી દીધો ત્યારે એના મનમાં એવા ખ્યાલો પ્રવર્તતા હતા કે સત્તા ઉપર આવ્યા પછી તાબડતોબ મોદી સાહેબ પાકિસ્તાનને અત્યાર સુધીની કરતૂતો બદલ પાઠ ભણાવશે. થયું એથી તદ્દન ઊલટું. મોદી સાહેબે દેશભરમાં દેકારો મચાવી દઇ પાકિસ્તાન અને ચીન દ્વારા ભારતીય સરહદ પર થતાં રહેતાં અડપલાં, છમકલાં અને ભારતીય સૈનિકોનાં માથા વાઢી જવાની જઘન્ય ઘટના વિશે પ્રજાજનોના હૈયા ભારે સંવેદના જગાવી, એવા અક્ષમ્ય અપરાધ બદલ પાકિસ્તાનને દુનિયાનાં નકશામાંથી નેસ્તનાબૂદ કરી દેવા સુધીની ગુલબાંગો હાંકે રાખી. પરંતુ વડાપ્રધાનપદની શપથવિધિમાં સાર્ક દેશોનાં અન્યનેતાઓ સાથે સૌથી અગ્રતાક્રમે પાડ વડાપ્રધાન નવાઝ શરીફને નોતરું પાઠવ્યું. પછી તો વૃશ્ચિક રાશિના બેઉ નેતાઓ વચ્ચે માતૃમહિમાનું ડિપ્લોમેટિક રાજકારણ શરૂ થઇ ગયું. શરીફ જનેતા માટે ભારતના વડાપ્રધાને શાલ મોકલાવી એના જવાબ રૂપે પૂજ્ય હીરાબા માટે નવાઝ શરીફે સરસ સફેદ સાડી મોકલાવી. આ બધું શિવસેના જેવા કટ્ટર હિંદુ રાષ્ટ્રવાદી સંગઠનને ન જ ગમે તે સ્વાભાવિક હતું. તેથી જયારે મોદીના ગુજરાત વિકાસ મોડેલથી પ્રભાવિત થઇને લાહોરનું પ્રતિનિધિમંડળ અમદાવાદ આવી પહોંચ્યું ત્યારે રાજય સરકારે અને મ્યુનિસિપલ કોર્પોરેશન બેઉ દ્વિધામાં મુકાઇ ગયાં. પાકિસ્તાની સેનાએ મોદી શાસનના બે માસના સમયમાં વીસેકવાર સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું છે. એની નાપાક હરકતો રોકવા ભારતીય સેના સામો જવાબ જરૂર આપે છે પણ એ પહેલ નથી કરતી. યોગાનુયોગ જે દિવસોમાં પાક ડેલિગેશન અમદાવાદની મુલાકાતે આવ્યું તે જ અરસામાં પાક આતંકવાદીઓ અને પાક સેનાની ઘુસણખોરી અટકાવવા મથી રહેલ એક ભારતીય જનવા શહીદ થયો હોવાના સમાચાર આવ્યા તેથી ઘૂંઘવાઇ ઉઠેલા રાષ્ટ્રવાદી કાર્યકરોમાં ભાજપ બેવડા વલણ પ્રત્યે તિરસ્કાર પેદા થયો. આથી પાડોશી દેશના મહેમાનોના માનમાં અમદાવાદની સેવન સ્ટાર હોટલમાં યોજાયેલ ડિનર પાર્ટી તો ચાલુ રહી પરંતુ એમાં 'અપેક્ષિત' શહેર ભાજપના નેતાઓની હાજરી આપવાનું ટાળ્યું. પાક પ્રતિનિધિમંડળને પણ એની હાજરીથી કચવાટ અનુભવતા સત્તાધારી પાર્ટીના વલણનો અંદાજ આવી ગયો હોઇએ એ બધાએ ગાંધી આશ્રમની મુલાકાત જેવા કાર્યક્રમો સિવાય મોટા ભાગનો સમય હોટલમાં જ પુરાઇ રહેવું પસંદ કર્યું. પાકિસ્તાનથી વિશેષ હેતુસર પ્રતિનિધિમંડળ આવે ત્યારે એ રાજય અને કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરી લઇને જ આવી શકે. એક તરફ ભાજપની કેન્દ્રીય નેતાગીરીને છવાઇ જવાની ઇચ્છા છે. એટલે એ અગાઉના એમના હાકલાપડકારા ભૂલી જઇ પાડોશી રાષ્ટ્ર સાથે મીઠા સંબંદો જાળવવાની કૂટનીતિ અપનાવી રહ્યા છે. સામે એમની જ પાર્ટી અને એમના મતદારો એમની આ બદલાયેલી રણનીતિથી નારાજગી બલકે શરમ અનુભવી રહ્યા છે. પાક પ્રતિનિધિમંડળની આગતા સ્વાગતાથી ભાજપના નેતાઓએ તો બહાનાં બનાવીને વેગળા રહેવાનું ગોઠવી દીધું પરંતુ મહાનગરપાલિકાના અધિકારીઓ બિચારા કયાં જાય? એમનો તો ચિકન-બિરયાનીની મહેફિલ ગોઠવ્યે જ છૂટકો થયો. પ્રજામાનસને ગુમરાહ કરીને કે ઉશ્કેરીને પછી એકદમ ડાહ્યાડમરા શાંતિપ્રિય અને સહનશીલ નેતા થવાની નીતિ મોદીને ભારે પડી રહી છે. પાકનાં અડપલાં કે ચીનની ઘુસણખોરી મુદ્દે એમને હરખ સરખો ઉચ્ચાર્યો નથી, તે શું સૂચક નથી?

અન્ડર-૧૭ શાળાકીય હોકી સ્પર્ધા યોજાઈ હતી. જે. એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની બહેનોએ જિલ્લાકક્ષામાં પ્રથમ સ્થાને વિજેતા બનીને શાળાનું ગૌરવ વધાર્યું છે. રાજ્યકક્ષાએ હવે રમવા જશે. વિજેતાઓ ચૌધરી અંજલિ, મેઘના, દંષ્ટિ, બિહોલા શ્રદ્ધા, ચૌધરી જલ્પા, ધરતી, કાજલ, પિન્કલ, નીતા, કીર્તિ, દેસાઈ દંષ્ટિ, ચૌધરી કાજલ, પટેલ ધરતી, પાલપ્રિતી, દેસાઈ મીનલ, પ્રજાપતિ અનુરાધા, રાજ્યકક્ષાએ જશે. આચાર્યાશ્રી સંતોકબેન, શિક્ષક લીલાબેન, વિનાક્ષીબેને અભિનંદન પાઠવ્યા છે.

કોબા કસ્તુરબા ગાંધી ટ્રસ્ટ સ્ત્રીભ્રૂણ હત્યા પર પરિસંવાદ યોજાશે : સંસ્થાઓને જોડાવા અપીલ

ગાંધીનગર, તા. ૨૩

સ્ત્રીભ્રૂણ હત્યાના બનાવો દિવસે દિવસે વધી રહ્યા છે. દીકરીને સાપનો ભારો સમજી માતાની કુખમા જ મારી નાંખવામાં આવી રહી છે. કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ કોબા, દ્વારા સ્ત્રી ભ્રૂણ હત્યાના કારણે અને ઉપાયોના સંદર્ભમાં મહિલા પરિસંવાદ યોજવામાંઆવશે. નગરની સંસ્થાઓને અને વ્યક્તિઓને જોડાવા અપીલ કરવામાં આવી છે.

ગાંધીનગરના કોબા ખાતે આવેલ કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ ખાતે સ્ત્રી ભ્રૂણ હત્યાના કારણો અને ઉપાયો પર મહિલા પરિસંવાદ યોજાશે. પરિસંવાદ આગામી સપ્ટેમ્બર માસમાં યોજાશે. પરિસંવાદમાં જોડાવા વિવિધ સંસ્થાઓ કે વ્યક્તિઓને જણાવવામાં આવ્યું છે.

સ્ત્રી ભ્રૂણ હત્યાએ મોટી સમસ્યા છે. દીકરી દુનિયા દેખે તે પહેલા તેણીને દુનિયામાંથી દૂર કરી દેવામાં આવે છે. સમાજમાં દીકરીને સાપનો ભારો સમજવામાં આવી રહી છે. તે એક ગંભીર પ્રશ્ન છે ત્યારે આવનાર સમયમાં સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવા મહિલા પરિસંવાદ યોજાશે.

ત્યારે આ પરિસંવાદમાં જોડાવા ઈચ્છુક વ્યક્તિઓએ તા. ૩૧ જુલાઈ પહેલા **Kasturbatrust koba@gmail** પર ઈમેલ કરવો. તેમજ સંસ્થાના ૦૭૯-૨૩૨-૭૬૨૦૧, ૯૯૭૮૯૭૮૫૫૫ પર રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે.

ફેકલ્ટી ઓફ એજયુકેશનમાં કાવ્યરચના અને કાવ્ય પઠન વિષય પર શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૩

સેકટર-૨૩ની ફેકલ્ટી ઓફ એજયુકેશન અને મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુકત ઉપક્રમે કેમ્પસમાં કાવ્ય પઠન અને લાક્ષણિકતાઓની જાણકારી માટેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ગુજરાતી સાહિત્યથી વિદ્યાર્થીઓ વાકેફ થાય અને તેનું મહત્વ સમજે તે માટે સે-૨૩માં આવેલ ફેકલ્ટી ઓફ એજયુકેશન ખાતે કાવ્ય પઠન અને કાવ્ય રચનાની માહિતી આપતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત કવિ દલપત પઢિયારે વિદ્યાર્થીઓને કવિતા એટલે શું? તેની માહિતી આપી હતી. આ પ્રસંગે તેમની ખ્યાતનામ કૃતિઓ 'મેં તો ડુંગર ઉપર દીવડો મેલ્યો રે... અને કોની રે સગાયુ આજ સાંભરે...'ને લલકારી હતી. કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલે કવિતામાં શબ્દની શકિતઓની વાત કરી હતી.

નરેન્દ્રભાઈ નાયીએ ઉપસ્થિત કાર્યક્રમમાં ડૉ. આર.જે. વ્યાસ, સર ડૉ. જિજ્ઞાસાબેન જોશી, ડૉ.કુસુમબેન યાદવ, માયાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. પ્રો. નરેન્દ્રભાઈ નાયીએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનાશે

ગાંધીનગર, તા.૨૩

સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર સેકટર-૨૩ દ્વારા સેકટર-૨૩ બ્રહ્મ સમાજના તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા તા. ૩૧મી ઓગષ્ટે બ્રહ્મભવન સેકટર-૧૬માં સવારે કાર્યક્રમ રાખેલ છે. પરિવારના વિદ્યાર્થીઓએ માર્કશીટની નકલ તા. ૧૫મી ઓગષ્ટ સુધી પહોંચતી કરવા પ્રમુખશ્રી મુકેશભાઈ શુકલ અને મંત્રીશ્રી મયંકભાઈ ભટ્ટે જણાવેલ છે.

શહેર પેન્શનર્સ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે.

શહેર પેન્શનર્સ સમાજ દ્વારા પેન્શનર્સ સમાજના સભ્યોના પૌત્ર-પૌત્રીઓ કે જેમણે ધોરણ ૧ થી ૯માં ૭૫ ટકાથી વધુ ગુણ મેળવ્યા હોય તેમનું સન્માન કરવામાં આવશે. તા. ૨૭ જુલાઈ રવિવાર બપોરે ૩-૦૦ વાગે કડી શિક્ષણ સંકુલના સે-૨૩ના સંસ્કાર હોલમાં કાર્યક્રમ યોજાશે. સમાજના વિદ્યાર્થીઓ અને વાલીઓએ આમંત્રણ પત્રિકા સાથે સમયથી પહેલા ઉપસ્થિત રહેવા ડી.પી.સંઘાણીએ જણાવ્યું છે.

અર્જુન આશ્રમ ઈંગ્લિશ સ્કૂલમાં પીંક અને બ્લ્યુ ડે ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૩

અર્જુન આશ્રમ ઈંગ્લિશ મીડીયમ પ્રિ. પ્રાઈમરી સ્કૂલના વિવિધ તહેવારો અને રંગોનું મહત્વ સમજાવવા માટે પીંક ડે અને બ્લ્યુ ડે ઉજવાયો હતો. બાળકો પીંક અને બ્લ્યુ રંગના કપડાં પહેરીને આવ્યા હતા.

દશામાના વ્રત નિમિત્તે સે-૨૪માં ગરબાની રમઝટ જામશે

ગાંધીનગર, તા. ૨૩

નગરના સેક્ટર-૨૪ માંઆવેલ દશામા યુવક મંડળ દ્વારા દશામાના વ્રત નિમિત્તે દસ દિવસ સુધી રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. વ્રત કરતી દરેક મહિલાઓએ દર્શનનો લાભ લેવા માટે મંડળે જણાવ્યું છે.

આગામી તા. ૨૬ જુલાઈથી તા. ૪ ઓગષ્ટ સુધી દશામાના વ્રત યોજાશે ત્યારે સેક્ટર-૨૪માં જ-૧ બ્લોક નં. ૪ પાસે આવેલ દશામા મંદિર ખાતે રોજ રાત્રે ૯.૦૦ વાગે ગરબાની રમઝટ જામશે. દર વર્ષે અહિંયા દશામાના વ્રત નિમિત્તે રાજયના ખ્યાતનામ કલાકારો ઉપસ્થિત રહી ગરબાની રમઝટ જમાવે છે. ત્યારે આગામી દિવસોમાં રજુ થતા ગરબામાં નગરના ભાવિભક્તોને માતાજીના દર્શનનો લાભ લેવા મંડળે અખબારી યાદીમાં જણાવ્યું છે.

ટપાલ ટિકિટોનું પ્રદર્શન યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર વિભાગ ડાકઘર દ્વારા 'ફિલાટેલી પ્રદર્શન' (ટપાલ ટિકિટ સંગ્રહ) તા. ૨૫-૨૬ જુલાઈના રોજ કે.બી. ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેક્ટર-૨૩ ખાતે યોજાશે.

પ્રદર્શનમાં ચુનંદા ફિલાટલી સ્ટરોએ સંગ્રહ કરેલ વૈવિધસભર ટપાલ ટિકિટો પ્રદર્શનમાં મુકવામાં આવશે. પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓ માટે અલગ-અલગ ક્વીઝ, ડ્રોઈંગ અને ફેન્સી ડ્રેસ જેવી સ્પર્ધાઓ તેમજ જાદુઈ ખેલનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનનો લાભ લેવા નાગરિકોને જણાવવામાં આવ્યું છે.

હરિની દૃષ્ટિ...

બ્લડ સુગર, બી.પી., બધુ જ નોર્મલ છે.. આમણે તમારા દિકરા કે દીકરીના પી.સી. કે એન્ડ્રોઇડ સીસ્ટમનો પાસવર્ડ ચોરીને જોવા પ્રયત્ન કર્યો હોય, તે જ એકમાત્ર કારણ દેખાય છે..!

જ્ઞાનકુંભ - દર્શન માર્ગ

વર્તમાન પ્રવાહો

૧. તાજેતરમાં પાકિસ્તાનના કયા હવાઇ મથક પર આતંકવાદી હુમલો થયો હતો?
➜ **જીન્ના હવાઇ મથક**

૨. વર્ષ ૨૦૧૪માં ભારતના સોલિસિટર જનરલ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
➜ **રંજીત કુમાર**

૩. વર્ષ ૨૦૧૪માં ભારતીય નૌસેનામાં દેશી બનાવટનું કયું યુદ્ધજહાજ સામેલ કરવામાં આવ્યું છે?
➜ **INS કોલકાતા**

૪. વર્ષ ૨૦૧૪માં એક ભારત, એક કિંમત રોમિંગ યોજના કઇ કંપની દ્વારા શરૂ કરવામાં આવી છે?
➜ **રિલાયન્સ કમ્યુનિકેશન**

૫. ફિફા-ફુટબોલ વર્લ્ડકપ ૨૦૧૪માં કુલ કેટલી ટીમ જોડાઇ છે?
➜ **૩૨ ટીમ**

૬. વર્ષ ૨૦૧૪ ભારતીય મૂળની કઇ મહિલાની અમેરિકાના ઉપવિદેશ સચિવ પદે નિયુક્ત કરવામાં આવી છે?
➜ **નિશા દેસાઇ બિસ્લાવ**

૭. તાજેતરમાં કેનેડિયન એફ-૧ ગ્રાંડપીક્ષ ૨૦૧૪નો ખિતાબ કોણે હાંસલ કર્યો હતો?
➜ **ડેનિયલ રિકિયર્ડો**

૮. કોમનવેલ્થ ગેમ્સ-૨૦૧૪માં કયુ ભારતીય સંગીત સમૂહ પ્રદર્શન કરશે?
➜ **કાવા સંગીત સમૂહ**

૯. વર્ષ ૨૦૧૪ વિશ્વના કયા દેશે યૂરોને પોતાના દેશની મુદ્રા તરીકે સ્વીકાર કર્યો છે?
➜ **લિથુઆનિયા**

૧૦. 'કોમનવેલ્થ ગેમ્સ ૨૦૧૪'નું આયોજન કયા દેશમાં કરવામાં આવ્યું છે?
➜ **ગ્લાસગો**

૧૧. વર્ષ ૨૦૧૪માં મધ્યપ્રદેશના આરોગ્ય કાર્યક્રમ 'મમતા અભિયાન'ના રાજદૂત તરીકે કોની નિયુક્ત કરવામાં આવી છે?
➜ **માધુરી દિક્ષીત**

૧૨. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાની પર ટપાલ ટિકિટ બહાર પાડી હતી?
➜ **ફુટબોલ વિશ્વકપ**

૧૩. **CCTV** સજ્જ ભારતનું પ્રથમ શહેર કયું છે?
➜ **સુરત**

૧૪. ૨૦૧૪ ફિફા ફુટબોલ વિશ્વકપમાં જીત-હારની ભવિષ્યવાણી કરનાર ઊંટનું નામ શું છે?
➜ **શાહીન**

૧૫. જી-૭ શિખર સંમેલન-૨૦૧૪ કયા શહેરમાં યોજાયું હતું?
➜ **બ્રુસેલ્સ (બેલ્જિયમ)**

૧૬. વર્ષ ૨૦૧૪માં પશ્ચિમી નૌસૈનિક કમાંડના કમાંડર ઇન ચીફ તરીકે કોની નિયુક્તી કરવામાં આવી છે?
➜ **અનિલ ચોપરા**

૧૭. વર્ષ ૨૦૧૪માં આયોજીત ફુટબોલ વિશ્વકપ કેટલામો વિશ્વકપ છે?
➜ **૨૦મો**

૧૮. ફ્રેન્ચ ઓપન-૨૦૧૪ પુરૂષ એકલનો ખિતાબ કયા ખેલાડીએ જીત્યો હતો?
➜ **રફેલ નડાલ**

૧૯. વર્ષ ૨૦૧૪માં ભારતના કયાં શહેરમાં મેટ્રો રેલનો પ્રારંભ કરવામાં આવ્યો છે?
➜ **મુંબઇ**

૨૦. તાજેતરમાં જાહેર થયેલી આઇસીસીની નવી જાહેર થયેલી વનડે ક્રિકેટ રેટીંગમાં ભારતનું સ્થાન કેટલાનું છે?
➜ **ત્રીજું**

યુવક-યુવતી પૈકી એક થેલ્સેમિયા મારનોર હોય તો પણ બાળક થેલ્સેમિયા મુક્ત જન્મે

આયમન થેલ્સેમિયાથી ચેતો : આશાકિરણ

- જયોત્સનાબેન ઝવેરી

"Reap heavy happy benefits tomorrow, your child did need that health insurance from you."

થેલ્સેમિયા એટલે શું? તમે જાણો છો? નહીં ને! હું પણ બરાબર જાણતી ન હતી. આ શબ્દ જ આયાતી છે. થેલ **'thall'** એટલે ભૂમધ્ય સમુદ્રની આસપાસનાં પ્રદેશ, તેની આસપાસ થતાં આ રોગ થેલ્સેમિયા તરીકે ઓળખાયો. હાલમાં તો ભારતમાં, અને તેમાંય ગુજરાતમાં દર વર્ષે ૧૦૦ બાળકો થેલ્સેમિયા મેજર લઇને જન્મે છે.

મોટાભાગનાં લોકો આ રોગથી અજ્ઞાન છે. આ રોગ વંશીય છે. માતાપિતા વાહક બની પોતાના બાળકને આ રોગ વારસામાં આપે છે. મા-બાપ આવું ઇચ્છે! પરંતુ થાય શું? દરેક માતાપિતા પોતાનું બાળક તંદુરસ્ત જન્મે અને તંદુરસ્ત રહે એવી જ ઇચ્છા રાખે અને બાળક પણ તંદુરસ્ત જીવન મળે એવી ખાતરીની અપેક્ષા રાખે. પરંતુ આ બધાની વચ્ચે આવે છે અજ્ઞાનતાનો કાળો પડદો. માબાપ લગ્ન શણે દીકરા-દીકરીની કુંડળી મેળવે છે. પરંતુ સાચી જરૂર તો છે બંનેની તબીબી તપાસ. હા - કેમ કે થેલ્સેમિયા ન થાય તે માટેની આ સાવચેતી છે.

લોહીની તપાસમાં માલૂમ પડે કે -

(૧) યુવક-યુવતી બંને થેલ્સેમિયા મુક્ત છે, તો બાળક થેલ્સેમિયા મુક્ત જન્મશે.

(૨) યુવક-યુવતી પૈકી એક થેલ્સેમિયા મારનોર હોય તો પણ બાળક થેલ્સેમિયા મુક્ત જન્મે. (અમિતાભ બચ્ચન થેલ્સેમિયા માનોર છે.)

(૩) યુવક-યુવતી બંને થેલ્સેમિયા માયનોર હોય તો બાળક થેલ્સેમિયા મેજર જન્મે.

થેલ્સેમિયા માયનોરમાં માતાપિતા બંને વાહક છે. થેલ્સેમિયા માયનોરમાં કોઇ તકલીફ થતી નથી અને તબીબી તપાસ વગર તેની ખબર પણ પડતી નથી. બાળકનો જન્મ થતાં, આનંદ હજુ ઓસર્યો ન હોય ત્યાં તાવથી પીડાય, નબળાઇ આવી જાય. અને તપાસમાં નિદાન થાય કે બાલક તો થેલ્સેમિયા મેજર છે. આ દીર્ઘકાલીન - કદાચ કાયમી રોગ છે. જે માટે ઓછામાં ઓછું મહિનામાં એક વખત તો લોહી ચઢાવવું જ પડે. કેમ કે તેના લોહીમાં રક્ત કણોનું પ્રમાણ ઓછું હોય છે. પરિણામે ઓક્સિજનનો અભાવ ઊભો થાય છે. નવા કોષો બનતા નથી. આથી જ લોહી ચઢાવવું પડે. અતિશય લોહી ચઢાવવાને કારણે આર્યન જમા થતું જાય. તેને માટે **cheking** કરાવવું જરૂરી બને. પમ્પિંગની વ્યવસ્થા કરવી પડે - જે પેટ સાથે બેસાડવામાં આવે. અઠવાડિયામાં ૫ દિવસ ૮ કલાક આ પ્રક્રિયા કરવી પડે છે. આ બધું ખૂબ ખર્ચાળ છે. તેનો એક કાયમી ઉકેલ છે. લોહીનો સંબંધ ધરાવતાં ભાઇબહેનમાંથી બોનમરો લઇને થેલ્સેમિયાગ્રસ્ત વ્યક્તિમાં બદલવા. આ પણ ખૂબ જ ખર્ચાળ પ્રક્રિયા છે. વળી આ રીતે બોનમરો મળવાની શક્યતા પણ ઓછી.

આ પુસ્તક વિષે વાત કરતાં પહેલાં થેલ્સેમિયાનો પરિચય આપવો જરૂરી હતો. આ બધી જ વાતો લઇને આવ્યા છે મહેશ ત્રિવેદી. જેમણે આખી જિંદગી રેડક્રોસ, બ્લડ બેન્ક અને થેલ્સેમિયા પ્રચાર અને પ્રસાર માટે સેવાભાવનાથી પસાર કરી છે અને આજે પણ તેમાં વ્યસ્ત છે. આ બધી વાતો બ્લડ બેન્કમાં આવતી અનેક પ્રકારની વ્યક્તિઓની વ્યથા, સંતાપ, ત્રાસની કળા છે, જેને 'વાર્તા'ના સાહિત્યિક સ્વરૂપના ગજથી માપવાની જરૂર નથી. તેઓ એક મિશન લઇને બેઠા છે. અને આ જ સંદેશો ઉપદેશ કરતાં વાર્તા દ્વારા વધુ સારી રીતે આપી શકાશે એમ માનીને ૮મી મે, ૨૦૧૨માં રોજ વિશ્વ થેલ્સેમિયા દિને અંગ્રેજી અને ગુજરાતી બંનેના આ પુસ્તક એક સાથે પ્રગટ કરાયું છે. જેને વિમોચન પ્રસંગે પ.પૂ. અધ્યાત્માનંદજીના આશીર્વાદ અને સાથોસાથ ૧ લાખ રૂપિયાની સંસ્થા માટે સખાવત સાંપડી, તો પ્રસંગને વધુ ઉજ્જવળ બનાવ્યો વિદ્યાપીઠના કુલપતિ સુદર્શન આયંગર તથા મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર વોરાની શુભેચ્છા આશિષે.

પુસ્તક બોલતાં પહેલી જ વાર્તા 'પૂર્વી' માં પૂર્વી જ કહે છે, 'તમે મોતને જોયું છે? મેં તો ઘણીવાર જોયું છે. જયારે પણ મળું ત્યારે કહું છું, હવે પછી આવજે. અમે ઘણીવાર મળ્યા છીએ એટલે મિત્રો બની ગયા છીએ. હવે મને ડર નથી લાગતો.' મૃત્યુને મિત્ર બનાવીને જીવનાર પૂર્વીની હિંમત રોગથી પિડાતા અન્ય લોકોને જોમ આપશે.

'મૌની' તો ખૂબ સંવેદનશીલ વાર્તા છે. મૌલિક અને નિરાલી ડૉકટર બનીને ગામડામાં સેવા કરવા નીકળી પડે છે. એક વખત એક નાના ગામ પાસેથી પસાર થતાં ટોળું જોયું. તપાસ કરતાં ખબર પડી કે મકાન ધરાશાયી થયું હતું. માતાપિતા મૃત્યુ પામ્યા હતા. પણ એક બે-ત્રણ મહિનાની બાળકી જીવતી રહી હતી. આ દંપતી આ બાળકીને દત્તક લઇ લે છે. થોડો વખત જતાં તે બિમાર પડી અને તપાસ કરતાં માલૂમ પડ્યું કે તે થેલ્સેમિયા મેજર છે. આઘાત તો લાગ્યો, પણ હિંમતથી ઉપચાર શરૂ કર્યા. બોનમરો માટે તેના કાકાના દીકરાને સમજાવ્યો અને છેવટે ખુશીના જૂના બોનમરો કાઢીને આ નવા બોનમરોનું રોપણ કર્યું. ખુશી થેલ્સેમિયા મુક્ત થઇ અને આર્કિટેક્ચર બની. તેણે એક હોસ્પિટલનું મકાન બંધાવ્યું અને પોતાના પાલક માતાપિતાને અર્પણ કર્યું.

"તમારા બાળકને અકસ્માત, ઇજા, દુઃખ કે વેદનાથી ન બચાવી શકો, પરંતુ તમે તમારા બાળકને થેલ્સેમિયાથી જરૂર બચાવી શકો."

'ગોપી'ની કથામાં પણ રાધા અને સુધીરને થેલ્સેમિયા માયનોર હોવાની જાણ હતી. છતાં ગફલતમાં રહ્યા અને ગોપીને જન્મ આપ્યો. થેલ્સેમિયા મેજર સાથે તેનો શારીરિક વિકાસ અટકી ગયો. તેને સંગીતમાં તાલીમ આપવાની શરૂ કરી અને અંતે એક મોહી કલાકાર બની આત્મનિર્ભર થઇ શકી. એક ફિલ્મમાં સંગીત કમ્પોઝર તરીકે કામ પણ મળ્યું. 'ફુલવા'માં પતિપત્ની બંને મોઇનોર હોવાની જાણ છતાં પ્રેમ હોઇ લગ્ન કરે છે. પરંતુ કુદરતનો ચમત્કાર જુઓ. દીકરો જન્મે છે. સંપૂર્ણ થેલ્સેમિયા મુક્ત થોડાક વર્ષ પછી દીકરી જન્મે છે, પરંતુ તે થેલ્સેમિયા મેજર હોય છે. પરંતુ તેને લાભસ મળે છે ભાઇના બોનમરોનો થેલ્સેમિયા મુક્ત બને છે. ભવિષ્યમાં હર્ષની કીડની નિષ્ફળ જાય છે, ત્યારે બહેન પોતાની કીડની આપીને પોતાનું ઋણ અદા કરે છે.

'ખુશી'માં વણકર કુટુંબનો દીકરો અને સવર્ણની દીકરી ખુશી પ્રેમમાં પડે છે. પરંતુ તેને જાણ નથી કે હર્ષિલ 'થેલ્સેમિયા મેજર' છે. વાત આગળ વધે છે ત્યારે હર્ષિલની મા દમયંતી ખુશીને મળીને આ બધી બાબતો છૂપાવ્યા વિના ખુશીને જણાવે છે અને સાથે શાંતચિત્તે વિચાર કરવા કહે છે અને કદાચ ખુશી 'ના' પાડે તો પણ તેમને દુઃખ નહીં થાય એમ જણાવે છે. દમયંતીબેનની ખાનદાની અને સંસ્કારિતાને વંદન કરવા ઘટે. અલબત્ત પછી લગ્ન તો થાય જ છે.

આ બધી અને બીજી અનેક વિગતો આપતી વાર્તાઓ વાંચો - આશાકિરણમાં અને સમજો થેલ્સેમિયાની ગંભીરતા - મેજર બાળકને દર વર્ષે ૧૦-૧૨ યુનિટ લોહીની જરૂર પડે છે. જેથી બ્લડ બેન્ક પર, અને આખરપલ્લે સમાજ અને દેશ પર જે બોજો પડે છે. આ રોગ માટેનું શિક્ષણ આપવું જરૂરી છે. નવાં મેજર બાળકો જન્મ લેતાં અટકે તે માટે જાગૃતિ રેલાવવાનું કામ સેવાસંસ્થાઓ, શાળા-કૉલેજો, વગેરેનું છે. દરેકની તબીબી તપાસ ફરજિયાત બનાવવી આવશ્યક છે. જેના પરિણામે લાભ તો પરિવારને જ થવાનો છે ને!

આ પુસ્તકના આવરણ પૃષ્ઠની પાછળ થોડાક અવતરણો ટાંક્યા છે - જેમાં નોંધપાત્ર છે :

"you want a healthy child, get tested today, An ounce of prevention is worth a pound of cure."

- Benjamin Franklin